જનસંપર્ક અધીકારી દ્વારા
પોલીસ કમિશનરશ્રીની કચેરી,
અમદાવાદ શહેર (P.R.O.)
ટેલીફોન નંબર ૨૫૬૩૩૩૩૩
કંટ્રોલરૂમ ટેલી.નં. ૨૫૬૩૦૧૦૦,૨૫૬૩૦૨૦૦,
૨૫૬૩૦૪૦૦ ફેક્સઃ ૨૫૬૩૦૬૦૦

તા.૦૧/૦૭/૨૦૨૨ શુક્રવાર

# અમદાવાદ શહેર પોલીસ સમાચાર

## અમદાવાદ શહેર પોલીસ તરફથી કરવામાં આવેલ પ્રશંસનીય/નોંધપાત્ર કામગીરી :-

સમાચાર યાદી નં.૧૧૬૭/૨૦૨૨

**Covid-19 સંક્રમણ નિયંત્રણ અન્વયે લેવામાં આવેલ કાયદાકીય કાર્યવાહી અંગેની તા.૩૦/૦૬/૨૦૨૨ કલાક ૦૦/૦૦ થી કલાક ૨૪/૦૦ સુધીની માહીતી નીચે મુજબ છે.**

પત્રક-૧

લોક ડાઉન અને જાહેરનામા ભંગ અંગે નોધાયેલ ગુન્હાની વિગત

| અ.નં | ગુન્હાનો પ્રકાર | નોધાયેલ FIR ની સંખ્યા | | | અટક કરેલ આરોપીની સંખ્યા | | |
|---|---|---|---|---|---|---|---|
| | | ગઈ કાલ સુધીની સંખ્યા | આજની સંખ્યા | કુલ | ગઈ કાલ સુધીની સંખ્યા | આજની સંખ્યા | કુલ |
| ૧ | કલમ ૧૮૮ કલમ ૧૩૫ GP ACT 1951 | ૧૧૭૪૬ | ૦ | ૧૧૭૪૬ | ૧૭૮૫૨ | ૦ | ૧૭૮૫૨ |
| ૨ | કલમ ૨૬૯,૨૭૦ અને ૨૭૧ IPCઅને The Epidemic Disease Act 2005 | ૪૭૩૩ | ૦ | ૪૭૩૩ | ૬૨૮૨ | ૦ | ૬૨૮૨ |
| 3 | કલમ ૧૪૩,૧૪૪,૧૪૫ વિગેરે (હંગામો) | ૧૪૧ | ૦ | ૧૪૧ | ૪૨૦ | ૦ | ૪૨૦ |
| ૪ | Disaster Management Act 2005 હેઠળના ગુન્હાઓ | ૮૪૦૭૪ | ૦ | ૮૪૦૭૪ | ૮૫૦૪૪ | ૦ | ૮૫૦૪૪ |
| કુલ | | ૧૦૦૬૯૪ | ૦ | ૧૦૦૬૯૪ | ૧૦૯૫૯૮ | ૦ | ૧૦૯૫૯૮ |

| પત્રક-૨ | | | |
|---|---|---|---|
| લોક ડાઉન અને જાહેરનામા ભંગ અંગે નોધાયેલ ગુન્હાની વિગત | | | |
| અ.નં | જીલ્લા/શહેરનુ નામ | કલમ ૨૦૭ MV Act 1988 હેઠળ ડિટેઈન કરેલ વાહનોની સંખ્યા | MV Act 1988 હેઠળના નિયમ ભંગ કરનાર વાહન ચાલકો પાસેથી વસુલવામાં આવેલ દંડની રકમ |
| ૧ | અમદાવાદ શહેર | ૦૪ | ૧,૫૨,૯૦૦/- |

| પત્રક-૩ | | | |
|---|---|---|---|
| જાહેર સ્થળોએ તથા પરિવહન વખતે માસ્ક નહી પહેરવા અંગે તથા જાહેરમાં થુકવા બાબતની વિગત | | | |
| અ.નં | જીલ્લા/શહેરનુ નામ | દંડિત થયેલ વ્યક્તિઓની સંખ્યા | વસુલ કરવામાં આવેલ દંડની રકમ |
| ૧ | અમદાવાદ શહેર | ૦૦ | ૦૦/- |

## નશાબંધી તથા જુગારધારા હેઠળ ઝડપાયાઃ- સમાચાર યાદી નં.૧૧૬૮/૨૦૨૨

શહેર પોલીસે ગઈકાલે નશાબંધી ધારા હેઠળ ૨૭ કેસ કરી, ૨૮ વ્યક્તિઓને ઝડપી, ૯૩ લીટર દેશી દારૂ, ૧૧૨ બોટલ ઇંગ્લીશ દારૂ અને ૩૯ ક્વૉટર ઇંગ્લીશ દારૂ કબજે કર્યો હતો. તેમજ જુગારધારા હેઠળ ૦૩ કેસ કરી, ૧૬ વ્યક્તિઓને ઝડપી રોકડ રૂપિયા ૩૩,૬૬૦/- અને જુગારના સાધનો કબજે કર્યા હતા.

## તકેદારીના પગલા હેઠળ ઝડપાયાઃ- સમાચાર યાદી નં.૧૧૬૯/૨૦૨૨

શહેર પોલીસે ગઈકાલે તકેદારીના પગલા હેઠળ સી.આર.પી.સી.૧૦૭,૧૦૯,૧૧૦,૧૫૧ મુજબ ૩૮ વ્યક્તિઓની અટકાયત કરી હતી. તેમજ પ્રોહી.૯૩ મુજબ ૦૨ વ્યક્તિઓની અટકાયત કરી હતી.

## ઘરફોડઃ- સમાચાર યાદી નં.૧૧૭૦/૨૦૨૨

**સરખેજઃ** રમેશચંદ્ર પ્રભુદાસ ચૌહાણ (ઉ.વ.૬૮)(રહે.જયંતિલાલ પાર્ક સોસાયટી, બી.આર.ટી.એસ. બસ સ્ટેન્ડ ની સામે ઇસ્કોન-આંબલી રોડ આંબલી સરખેજ) એ તા.૩૦/૦૬/૨૦૨૨ ના રોજ સરખેજ પોલીસ સ્ટેશન ખાતે ફરીયાદ નોંધાવી છે કે તા.૧૫/૦૬/૨૦૨૨ ના કલાક ૭/૩૦ થી તા.૩૦/૦૬/૨૦૨૨ બપોરના ૨/૩૦ વાગ્યા દરમ્યાન જયંતિલાલ પાર્ક આવેલ રમેશચંદ્રના મકાન નંબર-૧૦ ના મેઇન રૂમની બારીના મારબલના પથ્થર તોડી ગ્રીલ કાઢી, અજાણી વ્યક્તિ ઘરમાં પ્રવેશ કરી, તીજોરીમાંથી સોના-ચાંદી દાગીના કિંમત રૂપિયા ૧,૧૦,૦૦૦/- અને રોકડા રૂપિયા ૨૫,૦૦૦/- મળી કુલ રૂપિયા ૧,૩૫,૦૦૦/- મતાની ચોરી કરી લઇ ગઈ હતી. આ ગુનાની તપાસ પો.સ.ઇ.શ્રી સી.એમ.કણસાગરા ચલાવે છે.

## બળજબરીથી કઢાવી લીધુઃ- સમાચાર યાદી નં.૧૧૭૧/૨૦૨૨

**વાડજઃ** નારણભાઇ લક્ષ્મણભાઇ ગોહીલ (ઉ.વ.૬૦)(રહે.રામકૃષ્ણ સોસાયટી, રૂદ્રપાર્કની બાજુમાં રાણીપ ગામ) એ તા.૩૦/૦૬/૨૦૨૨ ના રોજ વાડજ પોલીસ સ્ટેશન ખાતે ફરીયાદ નોંધાવી છે કે તા.૨૬/૦૬/૨૦૨૨ ના કલાક ૮/૪૫ વાગ્યાના સુમારે ઉસ્માપુરા નાબાર્ડ સામે ગાર્ડનના વળાંક પર રોડની સાઇડમાં એક એક્ટીવા પર આવેલ બે અજાણ્યા છોકરાઓ(૨૦ થી ૨૫ વર્ષના આશરાના) એ નારણભાઇને રોકી ચપ્પુ બતાવી “શરીરે પહેરેલ બધા દાગીના આપી દે” તેમ કહી સોનાની બે વીંટી, સોનાની ચેઇન, સોનાની લક્કી મળી કુલ કિંમત રૂપિયા ૧,૬૮,૫૦૦/- મતાના દાગીના કઢાવી લઇ નાસી ગયા હતા. આ ગુનાની તપાસ મ.સ.ઇ.શ્રી રમેશભાઇ મુળજીભાઇ ચલાવે છે.

**આત્મહત્યાઃ-** **સમાચાર યાદી નં.૧૧૭૨/૨૦૨૨**

**રીવરફ્રન્ટ વેસ્ટઃ** (૧) ભગવતીબહેન D/O ભરતભાઈ મકવાણા (ઉ.વ.૧૭) અને (૨) કિરણભાઇ ગોવિંદભાઈ પરમાર (ઉ.વ.૨૬) (બંને રહે. કૃષ્ણનગરના છાપરા નાળા રોડ ચોર્યાસીની ચાલીની પાછળ, ગીતામંદીર રોડ કાગડાપીઠ) બંનેએ અગમ્ય કારણસર તા.30/06/૨૦૨૨ બપોરના ૧૨/30 વાગ્યા પહેલા કોઈપણ સમયે રીવરફ્રન્ટ પશ્ચીમ કિનારે, એન.આઈ.ડી. પાછળ સરદાર બ્રીજ પાસે, સ્કાઈલાઈન આગળ ઘાટ નંબર-૧૧ વોક-વે નજીક પોતાની જાતે સાબરમતી નદીમાં ઝંપલાવી ડૂબી જઇ આત્મહત્યા કરી હતી. આ અંગે રીવરફ્રન્ટ વેસ્ટ પોલીસે અકસ્માત મોત નોંધી આ અંગેની તપાસ મ.સ.ઈ.શ્રી ભગાભાઈ ભેમાભાઈ ચલાવે છે.

**કૃષ્ણનગરઃ** પ્રફુલભાઈ પુજાભાઇ દેસાઇ (રહે.રાજદીપ મેડિકલ ના ખાંચામાં હીરાવાડી) એ અગમ્ય કારણસર તા.30/06/૨૦૨૨ ના કલાક ૮/૫0 વાગ્યાના સુમારે પોતાના ઘરે પોતાની જાતે ગળેફાંસો ખાઇ આત્મહત્યા કરી હતી. આ અંગે કૃષ્ણનગર પોલીસે અકસ્માત મોત નોંધી આ અંગેની તપાસ હે.કો.શ્રી વિજયકુમાર મારૂતિરાવ ચલાવે છે.

પોલીસ ઇન્સ્પેક્ટર,
કંટ્રોલરૂમ, અ'વાદ શહેર.
પોલીસ કમિશનર વતી